# રાહુ ગાંધી આજે બદનક્ષી કેસમાં હાજરી આપવા સુરત આવશે

સુરત,તા.૨૩

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુરૂવારે સુરતમાં કોર્ટ કેસમાં જુબાની આપવા માટે આવી શકે છે. ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ રાહુલ ગાંધી સામે કેસ કર્યો હતો. બધા મોદી ચોર હોવાના નિવેદન અંગે ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદ પક્ષની જુબાની પૂર્ણ થઇ ચુકી છે. હવે આરોપી પક્ષે રાહુલ ગાંધીની જુબાની લેવાશે.

ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા કરવામાં આવેલી ફરિયાદને સ્વીકારતા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી.એચ.કાપડિયાએ રાહુલ ગાંધીને સમન્સ જાહેર કર્યુ હતું. સુરત પશ્ચિમના ધારાસભ્યએ કરેલી ફરિયાદમાં તેમણે રાહુલ ગાંધી પર આરોપ મુકતા કહ્યુ હતું કે બધા ચોરની અટક મોદી કેમ હોય છે. આવુ નિવેદન આપીને તેમણે સમગ્ર મોદી જ્ઞાતિનું અપમાન કર્યુ છે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પ્રચાર માટે કર્ણાટકના કોલારમાં રાહુલ ગાંધીની એક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું, નિરવ મોદી, લલિત મોદી, નરેન્દ્ર મોદી દરેકને મોદી અટક કેમ છે, દરેક ચોરની મોદી અટક કેમ હોય છે. આ નિવેદન બાદ ભાજપના ધારાસભ્યએ રાહુલ ગાંધી સામે ફરિયાદ નોંધાવી હતી અને કહ્યુ હતું કે રાહુલ ગાંધીએ મોદી જ્ઞાતિનું અપમાન કર્યુ છે. રાહુલ ગાંધીના આ નિવેદન પર વિવાદ થયો હતો.



અમદાવાદમાં ભક્તોની જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તેવી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વ નીકળતી જળયાત્રા આવતીકાલે નીકળવા જઈ રહી છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રથને જળાભિષેક કરવાની વિધિ માટે સાબરમતી નદીમાંથી જળ લાવવા માટે આગામી તા.૨૪મી જૂનના રોજ જગદીશ મંદિરથી જળયાત્રા માટે તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવ્યો છે. અમદાવાદના જગન્નાથ મંદિરમાં ભીમ અગિયારસે ભક્તો દ્વારા માટલીઓને શણગારવામાં આવી હતી.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩૮ કેસ : ૩ વ્યક્તિના મોત

## અત્યાર સુધીમાં કુલ ૮૦૭૯૧૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૧ કેસ

ગાંધીનગર,તા.૨૩

દેશભર સહિત રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યા બાદ હવે લોકો માટે રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૦ની નીચે કોરોનાના કેસો પહોંચી ગયા છે. તો બીજી તરફ મોતના આંકડામાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે પણ કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્ય સરકાર દ્વારા સતત કોરોના વેક્સીનેશન કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૮ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૪૮૭ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૦૭,૯૧૧ દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ વધીને આજે ૯૮.૨૦ ટકાએ પહોંચ્યો હતો. રાજ્યમાં કુલ એક્ટિવ કેસની વાત કરીએ તો હાલ રાજ્યમાં કુલ ૪૮૦૭ કોરોનાના કુલ એક્ટિવ કેસ છે. ૮૧ લોકો વેન્ટિલેટર પર છે. ૪૭૨૬ લોકો સ્ટેબલ છે. ૮,૦૭,૯૧૧ લોકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ કરવામાં આવી ચુક્યાં છે. આજે રાજ્યમાં કુલ ૦૩ લોકોનાં મોત નિપજ્યાં છે. ૧૦,૦૪૦ લોકોનાં કુલ મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧ જામનગરમાં ૧, અને સુરત શહેરમાં ૧ દર્દીનું મોત થયું છે. આ સાથે રાજ્યમાં કુલ ૩ દર્દીઓના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, વેક્સીનેશનમાં ગુજરાત નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી રહ્યું છે. આજે એક જ દિવસમાં ૪,૪૮,૧૫૩ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.

# સુજલામ-સુફલામ જળ અભિયાનનું ચોથું ચરણ સફળતાપૂર્વક સંપન્ન

## સતત ચોથા વર્ષે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં સુજલામ સુફલામ જળ અભિયાનની જ્વલંત સફળતા

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દૃષ્ટીવંત નેતૃત્વને પરિણામે સુજલામ સુફલામ જળ અભિયાનને ચોથા વર્ષમાં મળેલી સફળતા અભૂતપૂર્વ રહી છે. કોરોનાકાળના સતત બીજા વર્ષે કોવિડ માર્ગદર્શીકાઓના પાલન સાથે સુજલામ સુફલામ જળ અભિયાનની ઉપલબ્ધીઓમાં અનેક ગણો વધારો થયો છે.

મુખ્યમંત્રીએ ૧લી મે ૨૦૧૮ના દિવસે ભરૂચના કોસમડીથી સુજલામ-સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરી રાજ્યમાં જળસંગ્રહ સ્રોત વધારવા અને જમીનમાં પાણીના સ્તર ઊંચા લાવવાનો મહત્વપૂર્ણ સફળ અભિગમ અપનાવ્યો છે.

આ વર્ષે સતત ચોથા વર્ષે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શનમાં સુજલામ સુફલામ જળ અભિયાને કોરોના વાયરસના સંક્રમણના વિપરિત સંજોગો હોવા છતા પણ જ્વલંત સફળતા મેળવી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પાટણના ચાણસ્મા તાલુકાના વડાવળી ગામેથી આ સુજલામ સુફલામ જળ અભિયાનની ચોથી કડીનો પ્રારંભ કરાવ્યો હતો. વિશ્વવ્યાપી કોરોનાના સંક્રમણના કપરાકાળ વચ્ચે પણ આ વર્ષે ૧ એપ્રિલથી ૧૦ જુન દરમિયાન સમગ્ર રાજ્યમાં સફળતા પૂર્વક સંપન્ન થઈ છે.

આ વર્ષે કોરોના મહામારી વચ્ચે ૧૯,૭૧૭ લાખ ઘન ફૂટ જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે. આફતને અવસરમાં પલટાવવાની ગુજરાતની ખૂમારી આ અભિયાનની તા. ૧૦ જૂને પૂર્ણ થયેલી આ અભિયાનની ચોથી શ્રૃંખલામાં ઝળકી ઉઠી છે.

એટલું જ નહીં, અગાઉના ત્રણ વર્ષના એટલે કે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦ના સુજલામ સુફલામ જળ અભિયાન કરતા પણ આ વર્ષની કામગીરી વધારે છે.

આ અભિયાન અંતર્ગત ૨૦૧૮માં ૧૮,૫૧૫ કામો પૈકી ૭,૫૫૨ તળાવ ઉંડા કરી જળ સંગ્રહશક્તિમાં ૧૩,૫૦૦ લાખ ઘન ફૂટ વધારો કરવામાં આવ્યો હતો. લોકસભા ચૂંટણીના વર્ષ ૨૦૧૯માં ૧૧,૯૦૧ કામો પૈકી ૪,૭૨૭ તળાવ ઉંડા કરી પાણીની સંગ્રહશક્તિમાં ૧૦,૦૫૩ લાખ ઘન ફૂટ વધારો કરવામાં આવ્યો હતો. કોરોનાકાળના પ્રથમ વર્ષ ૨૦૨૦માં લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં ૧૧,૦૭૨ કામો પૈકી ૪,૩૦૯ તળાવ ઉંડા કરી જળ સંગ્રહશક્તિમાં ૧૮,૫૧૧ લાખ ઘન ફૂટ વધારો કરવામાં આવ્યો હતો.

આ વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન યોજના તંત્ર માટે પડકારરૂપ હતી, કેમ કે કોવિડ-૧૯ની મહામારી વચ્ચે આંશીક નિયંત્રણોની સ્થિતિમાં અનેક પડકારોની વચ્ચે આ અભિયાનને આગળ વધારવાનું હતું.

આ સ્થિતિમાં દર વર્ષની જેમ જ આ વર્ષે પણ સુજલામ સુફલામ જળ અભિયાન આગળ ધપાવવા વરસાદી પાણીના સંગ્રહ માટે જળશક્તિનો મહિમા કરતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સમગ્ર તંત્રને પ્રેરિત કર્યું હતું.

# રાજ્યમાં દર ૧૦૦માં ૭૦ દિકરી ધો.૧૨ બાદ અભ્યાસ છોડવા મજબુર

## ડ્રોપઆઉટ રેસીયોમાં દેશમાં ગુજરાતની ખરાબ સ્થિતી : રાજ્યમાં ભાજપ ૨૬ વર્ષથી સરકારમાં છે પણ ૨૬ વર્ષમાં એકપણ સરકારી યુનિ.ની સ્થાપના કરી નથી : મોઢવાડિયા

ગાંધીનગર, તા. ૨૩

આપણા રાજય ગ્રામ્ય વિસ્તારો અને તાલુકા સ્તરે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અભાવે ધોરણ-૧૨ બાદ દર ૧૦૦ માં ૭૦ દિકરીઓને ભણતર છોડી દેવાની ફરજ પડી રહી છે. આ અંગે કોંગ્રેસના નેતા અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ભાજપ ૨૬ વર્ષથી સરકારમાં છે, પરંતુ ૨૬ વર્ષમાં એકપણ સરકારી યુનિવર્સિટીની સ્થાપના કરી નથી, દર વર્ષે પ્રવેશોત્સવ, ગુણોત્સવ અને કન્યા કેળવણીના નામે તાયફાઓ પણ કરે છે. પરંતુ તાલુકા સેન્ટરોમાં કોલેજ જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ બનાવી નથી. મોટા શહેરોમાં પોતાના મળતિયાઓની ખાનગી કોલેજો ધમધમી શકે તે માટે જાણી જોઈને સરકારી કોલેજો શરૂ કરવા જેવી જરૂરી બાબાતે આંખ આડા કાન કર્યા છે. જેના પાપે આપણી દિકરીઓ આગળનો અભ્યાસ કરી શકતી નથી.

અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારોમાં બાળકીઓના ધોરણ-૧૨ પછીના ડ્રોપઆઉટ રેસીયોમાં દેશમાં ગુજરાતની સૌથી ખરાબ સ્થિતી છે. કેરલમાં આ ડ્રોપ આઉટ રેસીયો માત્ર ૪.૪% છે, જમ્મુ-કાશ્મીરમાં ૨૦.૫%, મહારાષ્ટ્ર - ૩૩.૧%, કર્ણાટક - ૩૯.૬% છે. જ્યારે ગુજરાતમાં ગુજરાત - ૭૦.૮% જેટલો ઉંચો છે. અર્જુન મોઢવાડિયાએ વધુમાં ઉમેર્યુ હતુ કે ગુજરાતમાં શિક્ષણનું વેપારીકરણ બંધ કરી સરકારી શૈક્ષનિણ સંસ્થાઓની સંખ્યા અને શિક્ષણનું સ્તર સુધારવા ભાજપ સરકારને ઘર ભેગી કરવી પડશે.

# ખુદ પોલીસ સલામત નથી : અરવલ્લીનાં મહિલા પોલીસ કર્મીની આબરૂ લૂંટવાનો પ્રયાસ, મોબાઈલની લૂંટ

## માલપુર પોલીસે ગુનો નોંધી ગણતરીની મીનીટોમાં આરોપીને દબોચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લીમાં પ્રજા સલામત નથી તેવું નથી ખુદ પોલીસ સલામત નથી. અરવલ્લીના મહિલા પોલીસ કર્મી એક્ટીવા ઉપર ઘરે જઈ રહ્યા હતા ત્યારે ઈકો લઈને આવેલા જેસવાડી ગામના સંજય પ્રતાપભાઈ ખાંટે આબરૂ લૂંટવાનો પ્રયાસ કરી મોબાઈલની લૂંટ ચલાવી નાસી છૂટતાં પોલીસ બેડામાં સનસનાટી મચી ગઈ છે. ખુદ પોલીસ સલામત ન હોય ત્યારે આવનારા દિવસોમાં પ્રજાને પોતાની સલામતી માટે સ્વયં ઉપાય શોધવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. માલપુર પોલીસે ગુનો નોંધી આરોપીને ગણતરીની મીનીટોમાં દબોચ્યાની વિગત સામે આવી છે.



પોલીસ માટે તેની ખંધી નીતિ જ હવે ભારે પડી રહી છે. જિલ્લાના અનેક પોલીસ મથકોમાં દારૂ-જુગારની બદી ચલાવતા અસામાજીક તત્વો ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતા વાહન માલિકોને પોલીસ છાવરતી હોવાના આક્ષેપ જગજાહેર છે. અનેક બુટલેગરોએ પોલીસ અધિકારી અને સ્ટાફને કચળી નાખવાના પ્રયાસ અને મોતને ઘાટ ઉતાર્યાની ઘટનાઓ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાઈ છે. ફરી એકવાર પોલીસ સલામત નથી તે પૂરવાર થયું. વાત એવી છે કે માલપુરના ગ્રામ્ય વિસ્તારના મહિલા પોલીસ કર્મી પોતાની ફરજ પૂરી થયા પછી એક્ટિવા લઈ ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ઈકો કારના ચાલકે કારમાંથી નીચે ઉતરી એક્ટિવા ચાલક મહિલા પોલીસ કર્મીની એકલતાનો લાભ લઈ મોંઢુ દબાવી, બળજબરીથી જમીન ઉપર પછાડી લાજ લૂંટવાનો પ્રયાસ કર્યો અને દૂરથી અન્ય કોઈ વાહન આવતું જણાતાં હવસખોર મહિલા કર્મીનો મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. મહિલા પોલીસ કર્મીની રાત્રે લાજ લેવાના પ્રયાસથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ ચોંકી ઉઠ્યા. આરોપીને પકડવા માટે લૂંટેલો મોબાઈલ જ કામે આવ્યો અને મોબાઈલ ટ્રેસ કરી આરોપીને દબોચી લેવામાં આવ્યો છે. હવે ચોમાસુ શરૂ થયું છે ત્યારે સાંજે ઘરે પરત ફરતી અનેક મહિલા કર્મચારીઓ માટે સમયમાં ફેરફાર કરવો જરૂરી છે.

### આવતીકાલે બપોર બાદ ભગવાન મામાના ઘરે જશે

# અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથજીની જળયાત્રા યોજાશે

## નીતિનભાઈ પટેલ - પ્રદિપસિંહ જાડેજા હાજર રહેશે

અમદાવાદ,તા.૨૩

અમદાવાદમાં ભક્તોની જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તેવી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વ નીકળતી જળયાત્રા આવતીકાલે નીકળવા જઈ રહી છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રથને જળાભિષેક કરવાની વિધિ માટે સાબરમતી નદીમાંથી જળ લાવવા માટે આગામી તા.૨૪મી જૂનના રોજ જગદીશ મંદિરથી જળયાત્રા માટે તૈયારીઓને આખરીઓપ આપી દેવામાં આવ્યો છે. પરંતુ કોરોના ગાઈડલાઈન પ્રમાણે માર્યાદિત લોકો જળયાત્રામાં લોકો હાજર રહેશે. કોરોના પ્રોટોકોલ મુજબ જળયાત્રા યોજાશે. આ જળયાત્રામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. પરંપરાગત વિધિ પ્રમાણે એક ગજરાજ સાબરમતી નદીના આરે રહેશે, જયારે અન્ય ગજરાજો મંદિરના પ્રાંગણમાં રહેશે. ૫ કળશ, ૫ ધ્વજ પતાકા સાથે જળયાત્રા યોજાશે.

રથયાત્રા પૂર્વે પરંગપરાગત વિધિના ભાગરૂપે યોજાતી પવિત્ર જળયાત્રાને રાજય સરકાર તરફથી મંજૂરી મળી છે. જો કે, ૧૦૮ કળશને બદલે માત્ર ૫ કળશ સાથે જળયાત્રા યોજવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે જળયાત્રામાં હજારો શ્રધ્ધાળુઓ અને ભાવિક ભકતો જોડાતા હોય છે પરંતુ આ વખતની જળયાત્રામાં કોવીડ ગાઈડલાઈન્સને લઈ ગણતરીના લોકો જ સામેલ કરવામાં આવશે. આ વખતની જળયાત્રામાં કોઈપણ ભજન મંડળી સામેલ નહિ થઈ શકે. જળયાત્રામાં ૫૦થી ઓછા લોકોની હાજરી રાખવાનું આયોજન છે. જેઓ મંદિરના જ સભ્યો હશે. સામાન્ય નાગરિકો કે અન્ય શ્રધ્ધાળુઓ જળયાત્રામાં નહિ જોડાઈ શકે.

અત્રે નોંધનીય છે કે, સામાન્ય રીતે ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક અને પરંપરાગત રથયાત્રા પૂર્વે દર વર્ષે ૧૦૮ કળશની સાથે વાજતે-ગાજતે જળયાત્રા નીકળતી હોય છે. પરંતુ આ વર્ષે માત્ર પાંચ કળશ સાથે જળયાત્રા નીકળશે. જેમાં મંદિરના સેવકો તેમજ ગાદીપતિ અને ટ્રસ્ટીઓ જ જોડાશે. નદીના આરે વિધિવત રીતે ગંગા પૂજન થશે. જેમાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે ગંગા પૂજન કરવામાં આવશે.

જો કે, કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે આ યાત્રામાં ભજન મંડળી અને અખાડાને જોડવામાં નહિ આવે. એટલું જ નહી, માત્ર ૫૦થી પણ ઓછા લોકો આ જળયાત્રામાં ભાગ લઈ શકે તેવું નક્કી કરવામાં આવ્યું છે. દર વર્ષે જળયાત્રામાં ૧૮ ગજરાજ હોય છે, પણ આ વર્ષે માત્ર પાંચ ગજરાજ રાખવામાં આવશે. કારણ કે ગજરાજ એ ગણપતિજીનું સ્વરૂપ છે અને કોઈપણ કાર્ય માટે આપણે ગજાનંદ ગણપતિજીને યાદ કરતા હોય છે. એટલા માટે ગજરાજ સાથે આ જળયાત્રા નીકળશે.

# ધારાસભ્ય અંબરીશ ડેરના સમર્થનમાં કોંગી કાર્યકરોએ રેલ રોકવાનો પ્રયાસ કર્યો

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારાસભ્ય અમરીશ ડેર દ્વારા રેલવેની મનમાની સામે ચલાવવામાં આવી રહેલ આંદોલન ને ભાવનગર શહેર કોગ્રેસ દ્વારા સમર્થન જાહેર કરી રેલવે ડીઆરએમને આવેદનપત્ર આપ્યું હતું અને વિરોધ પ્રદર્શન સાથે રેલ રોકવા પહોંચ્યા હતા.

અમરેલી જિલ્લામાં રેલવે વિભાગની જોહુકમી સામે બાંયો ચડાવી છેલ્લા ૧૬ દિવસથી એકલા હાથે લડત ચલાવી રહેલ રાજુલાના ધારાસભ્ય અમરીશ ડેર દ્વારા ચલાવવામાં આવી રહેલ લડતને ભાવનગર શહેર કોંગ્રેસ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. જે અંતર્ગત ભાવનગર શહેર કોંગ્રેસના અગ્રણીઓ કોર્પોરેટરો નગરસેવકોએ મોટી સંખ્યામાં એકત્રીત થઈને રેલવે ડી એમ આર કચેરી ખાતે પહોંચી ડીઆરએમને આવેદનપત્ર આપ્યું હતું. આ વિવાદનો તત્કાળ ઉકેલ લાવવા માંગ કરી હતી સાથોસાથ ભાવનગર શહેર માં ડાયવર્ઝન માટે માર્ગ આપવા ઉપરાંત વર્ષોથી રેલવે હદમાં આવતો હાદાનગર વાળો રસ્તો ખોલી આપવા માંગ કરી હતી. જેના પ્રત્યુત્તર માં ડીઆરએમ એ જણાવ્યું હતું કે સમગ્ર મુદ્દો વિચારાધિન છે અને શકય તેટલી ઝડપથી આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે.

# હાઈકોર્ટે દારૂબંધીના કાયદાને પડકારતી અરજી પર ચુકાદો અનામત રાખ્યો

અમદાવાદ,તા.૨૩

દારૂબંધી મામલે થયેલી અરજી પર હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે. આ અરજી ટકવા પાત્ર છે કે નહિ તે મામલે હાઈકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. એડવોકેટ જનરલે આ અરજી સાંભળવાનો અધિકાર હાઈકોર્ટને ન હોવાની રજૂઆત કરી છે. એડવોકેટ જનરલે કહ્યું કે, સુપ્રીમ કોર્ટ આ મામલે બનેલા કાયદાને માન્યતા આપી ચુક્યુ છે. તેથી હાઈકોર્ટમાં સુનવણી કરી શકાય નહિ. તો બીજી તરફ, અરજદારે રજૂઆત કરી કે આ મામલે કોઈ અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ નથી. માટે તેની સુનવણી હાઈકોર્ટમાં થઈ શકે. આ મામલે હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે.

એડવોકેટ કમલ ત્રિવેદીએ કહ્યુ કે, દારૂબંધી અંગેની આ અરજી હાઈકોર્ટમા સાંભવા લાયક નથી અને ટકવા પાત્ર નથી. આ સાથે જ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પણ વાંચવામા આવ્યા હતા. તેમજ કયા ધારાધોરણ મુજબ ગુજરાતમાં દારૂબંધી હતી તે અંગે ચર્ચા કરાઈ હતી. એડવોકેટ જનરલે સુનાવણી દરમિયાન કહ્યું કે, રાજ્ય મહાત્મા ગાંધીના સિદ્ધાંતો માટે કટિબદ્ધ છે અને દારૂ પીવાના જોખમને નાબૂદ કરવા માટે નિશ્ચિતપણે ઈરાદો રાખે છે.

ગઈકાલે રાજ્યમાં દારૂબંધી અંગે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણીમાં અરજદારે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ઘરમાં વ્યક્તિ શું ખાશે શું પીશે તે સરકાર નક્કી ન કરી શકે. દારૂની છૂટ હોય તેવા રાજ્યમાથી દારૂ પીને આવતા લોકો સામે કાર્યવાહી ન થવી જોઈએ. દારૂ પીને આવેલા અન્ય રાજ્યના લોકો સામે કાર્યવાહી કરવી અયોગ્ય છે. ઘરમાં લોકો દારૂ પી શકે છે, તેમાં પોલીસ કાર્યવાહી ન કરી શકે.

### સ્વિમર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિશ્ચિત છે કારણકે અન્ય કોઈ પણ મહિલા સ્વિમર સિલેકશન ટાઈમમાં લક્ષ્યાંક મેળવી શકી નથી જ્યારે શ્રીહરિએ આ માટે હજુ રાહ જોવી પડશે.

શ્રીહરિ સહિત છ ભારતીય સ્વિમરે બી ટાઈમ પ્રાપ્ત કર્યો છે અને આ અઠવાડિયામાં તેઓ એ ટાઈમ મેળવવા માટે પ્રયાસ કરશે. ક્વોલિફિકેશન માટેની અંતિમ તારીખ ૨૭મી જૂન છે. માટે શ્રીહરિ ટોક્યો જશે કે નહીં તે જાણવા માટે ૨૭મી જૂન સુધી રાહ જોવી પડશે. નોંધનીય છે કે શ્રીહરિ નટરાજન અને સાજન પ્રકાશે ૨૦૧૬ની રિયો ઓલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. સપ્તાહના અંતે રોમ ખાતે યોજાનારી

ક્વોલિફાઈંગ ઈવેન્ટમાં બન્ને ખેલાડી ભાગ લેશે અને તેમના પ્રદર્શનના આધારે ટોક્યો માટેની ટિકિટ મળશે.

સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના મહામંત્રી મોનલ ચોક્સીએ જણાવ્યું હતું કે ફિનાના નિયમ મુજબ ફેડરેશને માના પટેલ અને શ્રીહરિના નામ યુનિવર્સાલિટી ક્વોટા માટે મોકલી આપ્યા હતા. આ બન્નેએ ફિના દ્વારા માન્યતા પ્રાપ્ત ઓલિમ્પિક ક્વોલિફિકેશન ઈવેન્ટમાં કરેલા પ્રદર્શનને આધારે પોઈન્ટ મેળવ્યા હતા.

### અવરોધરૂપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં પણ જમીનદોસ્ત થયેલા વૃક્ષો દુર કરાયા નથી સેકટરોમાં પણ આ મામલે સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. જેથી લાંબા સમયથી સ્થળ પર યથાવત વૃક્ષો દુર કરી અવરોધ હટાવી શકાય તેવી રજુઆત પણ સેકટરવાસીઓએ કરી છે. વરસાદી દિવસોની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટોના થાંભલા તેમજ માર્ગો અને વોક વે પર અડચણ રૂપ બનતી વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ દુર કરવા માટે સ્થાનિકો રજુઆત કરી રહ્યા છે.

### જર્જરિત થતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી ફળવાયેલ રકમમાંથી શાળાઓના વિકાસમાં ખૂટતી કડીઓ માટેની દરખાસ્ત પર પણ ચર્ચાઓ થઈ હતી. આ ભંડોળનો ખોટો ઉપયોગ ના થાય તે માટે આ બાબતે એક મહિનામાં જે દરખાસ્તો સભ્યો તરફથી મળી છે અને શાળાઓમાંથી પણ આવી છે તેનો સર્વે કરી આગામી બેઠકમાં તે અંગે વિસ્તૃત દરખાસ્ત રજુ કરવા માટે તંત્રના અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

આ બેઠકમાં ૧૩ શાળામાં ધો. ૮ ના વર્ગ શરૂ કરવા માટે તેમજ ધો. ૭ ના વર્ગ વધારા માટે બે શાળાને મંજૂરી આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં વેસ્ટમાંથી બેસ્ટ કરવાના શાળાના અભિગમને શિક્ષણ સમિતિના ચેરમેન તેમજ જિલ્લા પંચાયત પ્રમુખે આવકાર્યો છે અને આ માટે ટીમ શિક્ષણને બિરદાવી હતી.

### લોક અદાલત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગ્ન વિષયક , જમીન સંપાદન, પે અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટસને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ સહીત અન્ય સિવિલ કેસ પણ મુકવામાં આવશે. જે પક્ષકારો આ કેસો અન્વયે પેન્ડીંગ કેસનુ સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળનો સંપર્ક કરવા જણાવાયુ છે. ગાંધીનગર જિલ્લા ન્યાયાલય ના રૂમ નં -૧૦૧ પ્રથમ માળે લોકઅદાલત યોજાશે. જયારે લોક અદાલત દરમિયાન સરકારની કોવિડ ગાઈડ લાઈનનુ પણ યોગ્ય પાલન કરાશે.

### ૪૦ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેક્સિન આપવાના ટાર્ગેટમાં પાછળ પડ્યા છીએ. એમાં હજી થોડાં સપ્તાહ થઈ શકે છે. એ ઉપરાંત કહ્યું છે કે ૨૭ વર્ષ સુધી ૭૦ ટકા યુવાનોને ૪ જુલાઈ સુધી વેક્સિનનો એક ડોઝ આપી દેવામાં આવે એવી શક્યતા છે.

નોંધનીય છે કે ભારતમાં કોરોનાની બીજી લહેર ડેલ્ટા વેરિયન્ટને કારણે જોખમી થઈ હતી અને હવે ડેલ્ટા પ્લસ વેરિયન્ટ વિશેની ચિંતા શરૂ થઈ ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે ડેલ્ટા પ્લસ વેરિયન્ટ ભારતમાં કોરોનાની ત્રીજી લહેર લાવવાનું કારણ બની શકે છે. એને ધ્યાનમાં રાખીને સરકારે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને કેરળને તૈયાર રહેવાના આદેશ આપ્યા છે.

કોરોના વાયરસની બીજી લહેરની તબાહીથી ભારત બહાર આવી રહ્યું છે. દેશમાં કોરોનાના નવા કેસોની સંખ્યા ઘટી છે. વેક્સિનેશનની ગતિ તેજ થઈ છે, પરંતુ આ તમામની વચ્ચે હવે વધુ એક મુશ્કેલી સામે આવી ગઈ છે. દેશમાં કોરોના વાયરસના ડેલ્ટા પ્લસ વેરિયન્ટના લગભગ ૪૦ નવા કેસ સામે આવ્યા છે, ત્યારબાદ ચિંતા વધી ગઈ છે. ભારત સરકાર દ્વારા કોરોનાના આ વેરિયન્ટને વેરિયન્ટ ઑફ કન્સર્ન ગણાવવામાં આવ્યું છે. એટલે કે આ વેરિયન્ટ ચિંતા વધારનારું છે.

### બીજા ક્રમે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં વધુ ૫૦ હજાર કેસ સાથે કુલ સંક્રમણની સંખ્યા ૩ કરોડને પાર કરીને ૩,૦૦,૨૮,૭૦૯ થઈ ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૩,૯૦,૬૬૦ પર પહોંચ્યો છે. નવા દર્દીઓની સંખ્યા ઘટવાની સાથે સાજા થતા દર્દીઓ વધતા એક્ટિવ કેસ ઘટીને ૬,૪૩,૧૯૪ થઈ ગયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮૨ દિવસના તળીયે પહોંચી ગઈ છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૬.૫૬% થઈ ગયો છે. જ્યારે દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૬૭% થઈ ગયો છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૨ જૂન સુધીમાં કુલ ૩૯,૫૯,૭૩,૧૯૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૯,૦૧,૦૫૬ સેમ્પલ લેવામાં આવ્યા છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ એક્ટિવ કેસમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે. આજે ૮૨ દિવસ બાદ એક્ટિવ કેસનો આંકડો ૬,૪૩,૧૯૪ પર પહોંચ્યો છે. રિકવરી રેટ હાલ વધીને ૯૬.૫૬% થયો છે. જ્યારે ડેઈલી પોઝિટિવિટી રેટ ૨.૬૭% છે.

### યુનિવર્સલ વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ઊંદરો પર ટ્રાયલ કરવામાં આવી ત્યારે વેક્સિને ઘણી એન્ટીબોડી વિકસીત કરી, જે ઘણા સ્પાઈફક પ્રોટીનનો સામનો કરી શકે છે. આમાં સાઉથ આફ્રિકામાં જોવા મળેલા મ.૧.૩૫૧ જેવા વેરિયન્ટ પણ સામેલ છે. જો વૈજ્ઞાનિકો સફળ રહેશે તો માનવી માટે આ એક વરદાન સાબિત થઈ શકે છે.

વૈજ્ઞાનિકો અનુસાર, કોઈ જાણતું નથી કે કયો વાયરસ આગામી મહામારીને પેદા કરશે, તેથી અત્યારથી તૈયારી કરવી પડશે. નોર્થ કેરોલિના યુનિવર્સટીના વૈજ્ઞાનિકોએ બનાવેલી વેક્સિનને સેકન્ડ જનરેશન વેક્સિન ગણાવી છે, જે જટ્ટહ્રિર્ષ્ટ્રૈજીજ પર હુમલો કરે છે. તે કોરોના વાયરસ ફેમિલીનો જ ભાગ છે. આ ફેમિલીના બે વેરિયન્ટે છેલ્લા બે દાયકામાં તબાહી મચાવી છે. પહેલા જીછઇજી અને પછી કોવિડ-૧૯.

ઉલ્લેખનીય છે કે, આ મિશન પર કામ કરી રહેલી વૈજ્ઞાનિકોની ટીમે એમઆરએનએ પદ્ધતિ અપનાવી છે. ફાઈઝર અને મોડર્નાએ હાલની વેક્સિન બનાવવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. વૈજ્ઞાનિકો હાલ પ્રાણીઓ પર ટ્રાયલ કરી રહ્યાં છે. જો બધું અનુકૂળ રહેશે તો વર્ષ ૨૦૨૨માં આ વેક્સિન મનુષ્ય પર ટ્રાયલ કરવાની યોજના છે.